તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું હસ્તલિખિત મેગેઝિન

# ડિસેમ્બર 2023

## PART 2

Dt. 16 to 31

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC


UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070



ફરી એકવાર Dy. SO પરીક્ષામાં
સાબિત કરી દીધું કે...
LATEST
આ બુક તો વાંચવી જ પડે...
ફાસ્ટ ટ્રેક
બંધારણ
માત્ર 225 પેજની
આ બુક સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે છે
પરમાણુ બોમ્બ
એક બુક
બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય
40%
ડિસ્કાઉન્ટ
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
7600051070




ઘરે ઘરે વસાવવા લાયક
552 પાનાં ધરાવતું
દળદાર પુસ્તક
40%
ડિસ્કાઉન્ટ
આ બુક તો વાંચવી જ પડે...
હું છું 'ગુજરાત'
એક બુક, બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
શાળા, કોલેજ કે સરકારી પરીક્ષાની તૈયારી કરતા
વિદ્યાર્થીઓ માટે
હું છું
ગુજરાત
ગુજરાત માટે આવી બુક
જોઈ નહિ હોય
,તમામ સંદર્ભ પુસ્તકો, સરકારી પુસ્તકો
સરકારી વેબસાઈટ્સ, પાઠ્યપુસ્તકોનો
ક્રમબદ્ધ, વ્યવસ્થિત અને
ઓથેન્ટિક રીતે ઉલ્લેખ
40થી વધુ નકશાઓ
દ્વારા રજૂઆત
MRP. 496/-
Only 299/-
Crack GPSC
વધુ વિગત માટે Whatsapp કરો
7600051070

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

**UP TO 40% OFF**

## IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~496/-~~ | MRP. ~~380/-~~ | MRP. ~~380/-~~ | | MRP. ~~230/-~~ |
| Only @ 299/- | Only @ 230/- | Only @ 230/- | Coming... | Only @ 170/- |

## કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~270/-~~ | MRP. ~~150/-~~ | MRP. ~~385/-~~ | MRP. ~~280/-~~ | MRP. ~~180/-~~ |
| Only @ 162/- | Only @ 99/- | Only @ 235/- | Only @ 168/- | Only @ 126/- |

**ORDER**

Visit website crackgpsc.com/books **OR અથવા** Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી **OR અથવા** અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.

**કુરિયર સર્વિસ FREE** (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

સરકારી નોકરીની તૈયારી માટે

76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

# સ્પેશ્યલ ઓફર

ઓફર લિમિટેડ સમય સુધી જ

# સરકારી નોકરીની તૈયારી કરો છો?



**50% OFF**

**તમામ વિડિયો કોર્સ પર**

**Apply કૂપન કોડ : CrackGPSC50**

- પ્લેસ્ટોર પરથી **Crack GPSC** એપ ડાઉનલોડ કરો.
- **Video Courses** પર ક્લિક કરી **પસંદગીના કોર્સ** પર ક્લિક કરો.
- **Buy now** પર ક્લિક કરી **Coupon Code** દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો.
- આપના કોર્સ પર **50% ડિસ્કાઉન્ટ** તરત જ મળી જશે.

/ CrackGPSCapp

/ crackgpsc

/ CrackGPSCexam

જો કોઈ મુશ્કેલી અનુભવાય તો
હેલ્પલાઈન નંબર પર call/whatsapp કરો.

**76000 51070**

Crack GPSC

**✱ ભારત - દ.કોરિયાના રાજનૈતિક સંબંધના 50 વર્ષ પૂર્ણ.**

I) PM મોદીએ 10 ડિસે.ના રોજ ભારત અને દ.કોરિયા વચ્ચેના સંબંધના 50 વર્ષ પૂર્ણ થવા પર દ.કોરિયાના રા.પતિ યૂં સુક યેઓલને શુભકામના આપી.

**• ભારત - દ.કોરિયા સંબંધ**

→ 2010માં રણનીતિક સમજૂતી સાથે સંબંધો બન્યા બાદ 2015માં મોદીની સિયોલ યાત્રાથી રાજનૈતિક સંબંધ વિકસ્યા.

→ દ.કોરિયામાં ભારતીય સમુદાયની સંખ્યા 8000 છે.

**✱ બિહારના પટનામાં પૂર્વ ક્ષેત્રીય પરિષદની 26મી બેઠકની કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે અધ્યક્ષતા કરી.**

I) બેઠકમાં બિહાર, ઝારખંડ, પ.બંગાળ, ઓડિશાના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા. તથા શાહે તમામને સર્વાંગી વિકાસ માટે સહકારી સંઘવાદની ભાવના સાથે કામ કરવાની અપીલ કરી.

II) બેઠકમાં બિહારના મંત્રી ઉપાધ્યક્ષ રહ્યા હતા અને તેમણે વંચિત વર્ગોને ન્યાય આપવા જાતિ આધારિત વસ્તી ગણતરી કરવા માટેની વાત મૂકી હતી.

III) બિહાર, પ.બંગાળ, ઓડિશા અને ઝારખંડ રાજ્ય પૂર્વ ક્ષેત્રીય પરિષદ બનાવે છે. 1957માં રાજ્ય પુનર્ગઠન અધિનિયમ, 1956ની કલમ 15-22, 5 ક્ષેત્રીય પરિષદની સ્થાપના માટે છે.

GPSC Current Affairs By H.Shingala

**✱ YUVAI - ગ્લોબલ પાર્ટનરશિપ ઓન AI શિખર સંમેલનની અધ્યક્ષતા કરશે.**

I) YUVAI - યુથ ફોર ઉન્નતિ એન્ડ વિકાસ વિથ એઆઈ. ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ મંત્રાલયની પહેલ છે કે યુવાઓને AI સાથે જોડવાનું કામ કરશે.

II) આ માટે ધો-8 થી12 ના વિદ્યાર્થીઓને તાલીમ બદ્ધ કરવામાં આવશે.

**સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના 370 કલમ રદ કરવાના નિર્ણયને બહાલી આપી.**

(I) અનુચ્છેદ-370 જમ્મૂ-કાશ્મીરને વિશેષ રાજ્યનો દરજ્જો આપતું હતું. 2019માં કેન્દ્ર સરકારે આ અનુચ્છેદ રદ કરીને રાજ્યનું વિભાજન કર્યું.

(II) ચીફ જસ્ટિસ ડી વાઈ ચંદ્રચુડની અધ્યક્ષતા વાળી પાંચ જજોની બેંચે ચુકાદો આપતા જણાવ્યું કે અનુ. 370 અસ્થાયી બાબત હતી જેને હટાવવાનો સંપૂર્ણ અધિકાર રાષ્ટ્રપતિ પાસે છે. જેથી લદ્દાખને જમ્મૂ-કાશ્મીરમાંથી અલગ કરી કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાનો નિર્ણય યોગ્ય ગણાવ્યો.

**રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડે 8 સભ્ય ઉપાધ્યક્ષ પેનલનું પુનર્ગઠન કર્યું.**

(I) આઠ સભ્યની પેનલમાં 50% મહિલા સાંસદ રહેશે. આ સદસ્યો સભાપતિ કે ઉપસભાપતિની અનુપસ્થિતિમાં સદનની કાર્યવાહીનું સંચાલન કરશે.

(II) પેનલમાં સમાવિષ્ટ સભ્યો.

1. કાંતા કર્દમ (BJP)
2. સરોજ પાંડે (BJP)
3. ડૉ. સીએમ રમેશ (BJP)
4. જયા બચ્ચન (સમાજવાદી પાર્ટી)
5. પ્રિયંકા ચતુર્વેદી (શિવસેના)
6. અખિલેશ પ્રસાદ સિંહ (કોંગ્રેસ)
7. તિરુચિ શિવા (DMK)
8. સુશીલ કુમાર ગુપ્તા (આમ આદમી પાર્ટી)

**નમો ડ્રોન દીદી યોજના**

(I) પ્રધાનમંત્રીએ હાલમાં સ્થાનીય કૃષિ માટેની આ યોજનાની સરાહના કરી.

(II) 30 નવેમ્બરે શરૂ થયેલ આ યોજનામાં મહિલા સ્વયં સહાયતા સમૂહોને ડ્રોન ઉપલબ્ધ કરાવાશે જે ખેડૂતોને ભાડે આપી આવક મેળવશે.

(III) ડ્રોન ખરીદવા 80% સબસિડી (વધુમાં વધુ 8 લાખ) અને તેના માટે પ્રશિક્ષણ અપાશે.

(IV) કેન્દ્રીય કેબિનેટ 15 હજાર મહિલા સમૂહોને ડ્રોન ઉપલબ્ધ કરાવશે.

Current Affairs By C.H. Shingala

*** વિકસિત ભારત @2047 : યુવાઓ કી આવાજ.**

(I) પ્રધાનમંત્રીએ યુવાઓને વિકસિત ભારતના દ્રષ્ટિકોણમાં યોગદાન માટેના એક મંચ તરીકે આ પહેલ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી લોન્ચ કરી.

(II) PM એ ભારતના યુવાઓને 'પરિવર્તનના એજન્ટ' અને 'પરિવર્તનના લાભાર્થી' દર્શાવ્યા.

(III) વિકસિત ભારત @2047નો ઉદ્દેશ્ય આઝાદીના 100 વર્ષ સાથે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો છે.

*** ડૉ. મોહન યાદવ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી બન્યા.**

(I) BJPના વરિષ્ઠ નેતા શિવરાજસિંહ ચૌહાણે નવા નેતા તરીકે મોહન યાદવનું નામ પ્રસ્તાવિત કર્યું અને તેને સમર્થન મળ્યું.

(II) જગદીશ દેવડા અને રાજેન્દ્ર શુક્લા ઉપમુખ્યમંત્રી બન્યા જ્યારે નરેન્દ્ર સિંહ તોમર વિધાનસભાના અધ્યક્ષ.

(III) ડૉ. યાદવ ત્રીજી વાર ઉજ્જૈન દક્ષિણ વિધાનસભા સીટથી ચૂંટાઈ આવ્યા.

(IV) MP વિધાનસભા ચૂંટણીમાં BJPએ 230માંથી 163 બેઠકો જીતી.

Current Affairs By C.H.Shingala

*** ભારતનું સૌથી મોટું અત્યાધુનિક રમત વિજ્ઞાન કેન્દ્ર ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમમાં સ્થાપિત થયું.**

(I) આ કેન્દ્ર ભારતના પ્રથમ વ્યક્તિગત ઓલિમ્પિક સ્વર્ણ વિજેતા અભિનવ બિંદ્રા સાથેની સમજૂતીથી સ્થાપિત થયું.

(II) કેન્દ્રમાં બાયો-મેકેનિસ્ટ, રમત વૈજ્ઞાનિક, ફિઝિયોથેરાપિસ્ટ, વ્યાયામ ફિઝિયોલોજિસ્ટ, મનોવૈજ્ઞાનિક વગેરે ઉપસ્થિત રહેશે.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

**(*) અમિત શાહે નવા તૈયાર થયેલ અપરાધિક વિધેયક રજૂ કર્યા.**

(I) ભારતીય ન્યાય (દ્વિતીય) સંહિતા વિધેયક ૨૦૨૩, ભારતીય દંડ સંહિતા 1860નું સ્થાન લેશે.

(II) નવા બિલમાં આતંકવાદની વ્યાખ્યાને વિસ્તારવામાં આવી. આતંકવાદની પરિભાષામાં 'આર્થિક સુરક્ષા' અને 'ભારત કે કોઈ વિદેશી દેશમાં ભારતની રક્ષા માટે વપરાયેલ સંપત્તિનો વિનાશ' ઉમેરવામાં આવ્યા.

(III) નકલી ભારતીય ચલણ, સિક્કા પણ આતંકવાદમાં સામેલ કરાયા.

(IV) બળાત્કારની ઘટનામાં કોઈ પણ બાબતને છાપવા માટે અનુમતિ ફરજિયાત બનાવવામાં આવી.

**(*) મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર વિધેયક, ૨૦૨૩ રાજ્યસભામાં પસાર થયું.**

(I) આ બિલ મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિયુક્તિ, વેતન અને કાર્ય બાબતે છે.

(II) કમિશનરની નિયુક્તિ સમિતિમાં પ્રધાનમંત્રી, કેન્દ્રીય કેબિનેટ મંત્રી, વિપક્ષના નેતા અથવા લોકસભામાં સૌથી મોટા વિપક્ષી દળના નેતા સામેલ થશે.

(III) મુખ્ય ચૂંટણી કમિશનરે નોકરી દરમિયાન આપેલા આદેશો માટે કોર્ટ કાર્યવાહી થઈ શકશે નહિ.

Current Affairs By C.H.Shingala
GPSC

**યાદ રાખો**

▷ બેંક ઓફ ઇન્ડિયાએ 'નારી શક્તિ બચત ખાતું' લોન્ચ કર્યું. બેંક ઓફ ઈન્ડિયાની ટેગલાઈન 'રિલેશનશિપ બિયોન્ડ બેંકિંગ' છે.

▷ કજોલ બેદીને ઑર્ડર ઓફ મેરિટ ઓફ ધ ઈટાલિયન રિપબ્લિક (મેરિટો ડેલા રિપબ્લિકા ઈટાલિયાના) ઈટાલીના સર્વોચ્ચ નાગરિક સન્માન -થી સન્માનિત કરાયા.

▷ ડોનાલ્ડ ટસ્ક પોલેન્ડના નવા પ્રધાનમંત્રી બન્યા.

## (*) ભજનલાલ શર્મા રાજસ્થાનના મુખ્યમંત્રી બન્યા.

(I) ભાજપાએ જયપુરની સાંગાનેર સીટથી પ્રથમવાર જીતેલા ભજનલાલને રાજસ્થાનની ધુરા સોંપી.

(II) શ્રી શર્માએ તેમના વિરોધી કોંગ્રેસના પુષ્પેન્દ્ર ભારદ્વાજને 48,081 મતથી હરાવ્યા.

(III) નવી સરકારમાં દીયા કુમારી અને પ્રેમચંદ બૈરવા ઉપમુખ્યમંત્રી બનશે.

(IV) વાસુદેવ દેવનાની વિધાનસભાના અધ્યક્ષ બનશે.

## (*) ભારતની પ્રથમ સિક્સલેન સ્ટીલ સ્લેગ સડક

(I) NH-6 ને હજીરા પોર્ટ સાથે જોડતી ભારતની પ્રથમ સ્ટીલ સડક બનાવવામાં આવી.

(II) સ્ટીલ ઉત્પાદન દરમિયાન પ્રતિ ટન અંદાજે 180-200kg સ્લેગ ઉત્પન્ન થાય છે. તેનો ઉપયોગ સડક નિર્માણમાં કરવામાં આવ્યો.

Current Affairs By C.H.Shingala GPSC

## (*) સાઈબેરિયન વાઘની જોડી 12 વર્ષ બાદ દાર્જિલિંગ લવાઈ.

(I) પશ્ચિમ બંગાળમાં દાર્જિલિંગમાં પદ્મજા નાયડૂ હિમાલયન ઝૂલોજિકલ પાર્કમાં બે લુપ્તપ્રાય સાઇબેરિયન વાઘ આવ્યા.

(II) આ વાઘ લારા અને અકામાસ 12 વર્ષ બાદ પહોંચ્યા. આગાઉ 2011માં છેલ્લાં સાઇબેરિયન વાઘનું નૈનીતાલ ખાતે ઉંમર સંબંધિત બીમારીથી મૃત્યુ થયું હતું.

(III) પદ્મજા નાયડૂ પાર્ક ભારતમાં સૌથી ઊંચાઈ પર સ્થિત છે. અને ભારતે પશુ વિનિમય કાર્યક્રમ અંતર્ગત આ વાઘનું સ્વાગત કર્યું છે.

(IV) ભારત પશુ વિનિમય કાર્યક્રમ અંતર્ગત લાલ પાંડાને સાઈપ્રસના પાફોસ ઝૂ માં મોકલ્યા છે.

[*] વ્યાસ સન્માન પુરસ્કાર- પુષ્પા ભારતીને

(I) લેખિકા પુષ્પા ભારતીની 2016ના સંસ્મરણો 'યાદેં, યાદેં ઔર યાદેં' માટે 33મું વ્યાસ સન્માન પુરસ્કાર અપાયો.

(II) આ પુરસ્કાર કોઈ ભારતીય દ્વારા છેલ્લા 10 વર્ષ દરમિયાન પ્રકાશિત ઉત્કૃષ્ટ હિંદી સાહિત્યિક કૃતિ માટે અપાય છે.

(III) સાહિત્યકાર પ્રો. રામજી તિવારીની અધ્યક્ષતા વાળી સમિતિએ આ પસંદગી કરી છે.

(IV) પુરસ્કારની શરૂઆત 1991માં કે કે બિરલા ફાઉન્ડેશને કરી. જેમાં 4 લાખ રોકડ અને પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે.

[*] મર્સરના સર્વેક્ષણ અનુસાર, ભારતમાં હૈદરાબાદમાં 'જીવનની ગુણવત્તા' સૌથી સારી.

(I) જીવન ગુણવત્તા સૂચકાંક 2023માં હૈદરાબાદ 153માં સ્થાને રહ્યું.

(II) ભારતમાં પૂણે બીજા ક્રમે (154) છે.

(III) આ યાદીમાં વિયેના (ઓસ્ટ્રિયા), જ્યુરિખ (સ્વિત્ઝરલેન્ડ) અને વેંકુવર (કેનેડા) ટોચ પર છે.

(IV) જીવન ગુણવત્તા સૂચકાંક જળવાયુ, સ્કૂલ અને શિક્ષણ, બીમારી અને સ્વચ્છતા, હિંસા અને અપરાધ જેવી બાબતોના આધારે નક્કી થાય છે.

(V) 2022માં પૂણે અને હૈદરાબાદ બંને 143માં સ્થાને હતા.

[*] મધ્યપ્રદેશ સરકારે લાઉડસ્પીકર અને માંસના વેચાણ પર રોક લગાવવાના આદેશ આપ્યા.

(I) MPના CM મોહન યાદવે તેમની પ્રથમ કેબિનેટ બેઠકમાં નિર્ધારિત સીમાથી વધુ ધ્વનિ પર લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધિત કર્યું.

(II) આ ઉપરાંત લાયસન્સ વગર ખુલ્લામાં માંસ, માછલીના અવૈધ ખરીદ-વેચાણ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો.

Current Affairs By C.H.Shingala GPSC

**✱ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સાંસદ સુરક્ષા ઉલ્લંઘન ઘટના બાબતે તપાસના આદેશ આપ્યા.**

(I) લોકસભા સચિવાલયના અનુરોધ પર ગૃહ મંત્રાલયે સંસદ સુરક્ષા ઉલ્લંઘનની ઘટનાના તપાસના આદેશ આપ્યા.

(II) CRPF ના મહાનિર્દેશક અનીશ દયાલ સિંહના નેતૃત્વમાં એક તપાસ કમીટીની રચના કરવામાં આવી જે સમગ્ર ઘટનાની તપાસ કરશે.

(III) તપાસની સાથે સાથે સમિતિ સંસદની સુરક્ષામાં સુધાર માટેના મંતવ્યો સાથે રિપોર્ટ આપશે.

(IV) સમગ્ર ઘટના માટે દિલ્લી પોલીસે ગેરકાનૂની પ્રવૃત્તિ રોકથામ અધિનિયમ (UAPA) અંતર્ગત ફરિયાદ દાખલ કરી.

**✱ ઉષ્ણકટિબંધીય ચક્રવાત 'જેસ્પર' ઓસ્ટ્રેલિયામાં ટકરાયું.**

(I) જૈસ્પર તટ પાસે પહોંચતા 113 Km/કલાક (70 Mile) ની ઝડપે ટકરાયું જેના કારણે હજારો લોકો પ્રભાવિત થયા.

(II) ચક્રવાતના કારણે પડેલાં વરસાદના કારણે અનેક નદીઓમાં પૂરની સ્થિતિ સર્જાય છે અને હાલ સરકાર તમામ નદીઓ પર નિગરાની રાખી રહી છે.

• ઉષ્ણકટિબંધીય ચક્રવાત •

▷ ઉષ્ણકટિબંધીય ચક્રવાત એક નિમ્ન દબાવ પ્રણાલી (ઓછા દબાણની સ્થિતિ) છે. જેમાં ચારે બાજુથી તેજ હવા ભેગી થાય છે.

▷ આ ચક્રવાત ભૂમધ્ય રેખાના ઉત્તર કે દક્ષિણમાં 5-35° અક્ષાંશ વચ્ચેના ક્ષેત્રમાં આવે છે. આ ચક્રવાત ઉત્તર ગોળાર્ધમાં ઉત્તરી દિશામાં અને દક્ષિણ ગોળાર્ધમાં દક્ષિણાવર્તી પવન ફૂંકાય છે.

▷ ઓસ્ટ્રેલિયામાં ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને વિલી-વિલી કહે છે.

GPSC Current Affairs By C.H.Shingala

**✱ મોહમ્મદ શમી- અર્જુન પુરસ્કાર માટે અને સાત્વિક, ચિરાગ ખેલ રત્ન માટે નામાંકિત.**

(I) ભારતીય ક્રિકેટ ટીમના બોલર મોહમ્મદ શમીને ૨૦૨૩ માટે અર્જુન પુરસ્કાર માટે નામાંકિત કરાયા.

(II) પુરુષ ડબલ બેડમિન્ટન જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર માટે નામાંકિત કરાયા.

(III) શમી વિશ્વકપમાં 7 મેચોમાં ૨૪ વિકેટ સાથે અગ્રણી વિકેટ લેનાર બોલર બન્યા.

(IV) દ્રોણાચાર્ય પુરસ્કાર માટે નામિત થયેલા.

① ગણેશ પ્રભાકરન (મલખંભ)
② મહાવીર સૈની (પૈરા એથ્લેટિક્સ)
③ લલિત કુમાર (કુસ્તી)
④ આરબી રમેશ (શતરંજ)
⑤ શિવેન્દ્ર સિંહ (હોકી)

(V) કવિતા (કબડ્ડી), મંજૂષા કંવર (બેડમિન્ટન) અને વિનીત કુમાર શર્મા (હોકી) ને ધ્યાનચંદ લાઈફટાઈમ પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યા.

**✱ જેવિયર માઈલી- આર્જેન્ટીનાના રાષ્ટ્રપતિ બન્યા.**

(I) ઉદારવાદી અર્થશાસ્ત્રી જેવિયર માઈલીએ ચૂંટણી જીત્યા બાદ રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. તેમણે 55.8% અને અર્થવ્યવસ્થા મંત્રી સર્જિયો મસ્સાને 44.2% વોટ મળ્યા.

(II) માઈલી- રાષ્ટ્રપતિ આલ્બર્ટો ફર્નાન્ડીઝનું સ્થાન લેશે.

(III) આર્જેન્ટીના લેટિન અમેરિકાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે.

Current Affairs By C.H.Shingala

એક એપ બધી પરીક્ષાઓ
सरकारी नोकरी नी तैयारी करो
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય ક્લર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

**(*) મધ્યપ્રદેશ સરકાર રાજ્યના તમામ જિલ્લામાં પીએમ કોલેજ ઓફ એક્સીલન્સ સ્થાપિત કરશે.**

(I) કુલ 570 સરકારી કોલેજમાંથી દરેક જિલ્લામાં એક કોલેજમાં આ સ્થાપના કરાશે.

(II) આ ઉપરાંત તમામ સરકારી અને ખાનગી વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થીઓની ડીગ્રી અને માર્કશીટ ડિજીલોકરમાં અપલોડ કરવામાં આવશે.

**(*) કેન્દ્રીય વિશ્વવિદ્યાલય (સંશોધન) વિધેયક, 2023 સંસદમાં પસાર કરવામાં આવ્યો.**

(I) વિધેયક કેન્દ્રીય વિશ્વવિદ્યાલય અધિનિયમ, 2009માં સંશોધન કરાયું જે વિવિધ રાજ્યોમાં શિક્ષણ અને અનુસંધાન માટે કેન્દ્રીય વિશ્વવિદ્યાલય સ્થાપિત કરશે.

(II) વિધેયકમાં તેલંગાણામાં એક કેન્દ્રીય જનજાતીય વિશ્વવિદ્યાલય સ્થાપિત કરવાની વાત છે જેને 'સમ્મક્કા સરક્કા સેન્ટ્રલ ટ્રાઈબલ યુનિવર્સિટી' નામ આપવામાં આવશે.

(III) આ સંસ્થા મુખ્યત્વે ભારતની જનજાતીય આબાદીને ઉચ્ચ શિક્ષણ સુવિધાઓ આપશે.

(IV) આ સાથે શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ઉચ્ચ શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો બાબતે માહિતી આપી. જે અંતર્ગત સામાન્ય વર્ગમાં 1.53%, OBCમાં 1.51%, SCમાં 1.47% અને STમાં 1.29% વિદ્યાર્થી IITમાં ડ્રોપઆઉટ થયા.

**(*) IIT મદ્રાસે પાણીમાંથી આર્સેનિક અને ધાતુ આયનો દૂર કરવા 'અમૃત' વિકસિત કર્યું.**

(I) અમૃત નેનોસ્કેલ આયરન ઓક્સી હાઈડ્રોક્સાઈડનો ઉપયોગ કરે છે. જેમાં પાણી પસાર કરાતા તે આર્સેનિકને દૂર કરે છે.

(II) સરકારના તમામ ગ્રામીણ પરિવારોને સુરક્ષિત અને પીવાલાયક યોગ્ય પાણીની આપૂર્તિ માટે આ તકનીકનો ઉપયોગ કરશે.

Current Affairs By C.H.Shingala
Super GPSC

**[*] જાવેદ અખ્તરને પદ્મપાની લાઈફટાઈમ અચીવમેન્ટ અવોર્ડ અપાયો.**

(I) અનુભવી ગીતકાર-પટકથા લેખક જાવેદ અખ્તરને અજંતા-ઈલોરા ફિલ્મ ફેસ્ટિવલમાં આ એવોર્ડ મળ્યો.

(II) પુરસ્કાર સમારોહ MGM વિશ્વવિદ્યાલય પરિસરના રૂક્મણી સભાગૃહમાં આયોજીત થયો. જેની પસંદગી સમિતિમાં ગિરીશ કાસારવલ્લી, અશોક વાજપેઈ, લતિકા પડગાંવકર, અશોક રાણે અને ચંદ્રકાંત કુલકર્ણી સામેલ હતા.

**⊙ અજંતા-ઈલોરા ફિલ્મ ફેસ્ટિવલ ⊙**

▷ આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય હાલમાં અને ભૂતકાળમાં નિર્મિત સર્વશ્રેષ્ઠ ફિલ્મને પ્રદર્શિત કરવાનો છે. જેનું આયોજન મરાઠવાડા આર્ટ કલ્ચર એન્ડ ફિલ્મ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે.

▷ આ કાર્યક્રમમાં મહત્વકાંક્ષી ફિલ્મ નિર્માતાઓ, તકનીશિયનો, કલાકારો અને યુવા ફિલ્મ પ્રેમીઓને પ્રોત્સાહિત કરવાનું એક મંચ છે.

Current Affairs By C.H.Shingala GPSC

**[*] ઈસરો 4 વર્ષમાં ચંદ્રયાન-4 લોન્ચ કરશે.**

(I) ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથે આ લોન્ચિંગની માહિતી આપી.

(II) આ મિશન ચંદ્ર પરથી નમૂનાઓ લાવવામાં મદદ કરશે

**[*] ભારતની સૌથી ઝડપી સૌર ઈલેક્ટ્રિક હોડી 'બારાકુડા' લોન્ચ કરવામાં આવી.**

(I) પર્યાવરણ અનુકૂળ સમુદ્રી પરિવહનના ઉદ્દેશ્યને આગળ વધારવા સાથે બારાકુડાને અલાપ્પુઝામાં અરૂર પાસે સ્થિત નવાલ્ટ સોલર અને ઈલેક્ટ્રિક હોડી યાર્ડમાં લોન્ચ કરાશે.

(II) બારાકુડા નામ ઝડપી અને લાંબી માછલી પરથી અપાયું છે. જે 12 યાત્રીઓને ક્યાંક લઈ જવા સક્ષમ બનશે. તથા 23 km/hr (12.5 mile)ની ગતિ સાથે ચાલી શકશે.

⊛ શાંતિ, નિઃશસ્ત્રીકરણ અને વિકાસ માટે ૨૦૨૩નો ઈન્દિરા ગાંધી પુરસ્કાર અલી અબૂ અવ્વાદ અને ડેનિયલ બરેનબોઈમને.

(I) આ પુરસ્કાર ઈઝરાયલ-પેલેસ્ટાઈનના સંઘર્ષના અહિંસક સમાધાન માટે ઈઝરાયલ અને આરબ દુનિયાના યુવાઓ અને લોકોને એક સાથે લાવવાના પ્રયાસો માટે અપાયો.

(II) આ માટે ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ T. એસ. ઠાકુરે નિર્ણાયક ટીમના અધ્યક્ષ તરીકે કામ કર્યું.

(III) આ પુરસ્કાર ડૉક્ટર, નર્સ, પેરામેડિક્સ અને અન્ય કર્મચારીને તેમની નિઃસ્વાર્થ સેવા, અતૂટ સમર્પણ માટ અપાય છે. જે ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા આયોજિત થાય છે.

(IV) પુરસ્કારમાં 25 મિલિયન ભારતીય ચલણી રોકડ અને પ્રશસ્તિ પત્ર અપાય છે.

⊛ INS તરમુગલી નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું.

Current Affairs By C.H.Shingala GPSC

(I) તરમુગલીને વિશાખાપટ્ટનમના નૌસેના ડોકયાર્ડમાં આયોજિત એક સમારોહમાં સામેલ કરવામાં આવ્યું. જેનો વાઈસ એડમીરલ સંદીપ નૈથાની, એવીએસએમ, વીએસએમ, ચીફ ઓફ મટેરિયલ અને નૌસેનાએ કમીશન કર્યું.

(II) તરમુગલી એક ફાસ્ટ એટેક ક્રાફ્ટ (FAC) છે જે ટ્રિંકટ ક્લાસ વેસલ છે જેને 2006માં ભારતે માલદીવિયન નેવલ ડિફેન્સ ફોર્સીસને ઉપહારમાં આપ્યું હતું - જે 2023માં પરત કર્યું.

(III) તરમુગલી 30 નોટથી વધુની ગતિ મેળવી શકે છે અને તેનું નામ આંદમાન સમૂહના સુરમ્ય દ્વીપ પરથી રખાયું છે. તેનું વજન 320 ટન અને લંબાઈ 48 મીટર છે.

## (*) BCCI એ એમએસ ધોનીની નંબર 7 જર્સી રિટાયર કરી.

(I) ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે એમએસ ધોનાના ભારતીય ક્રિકેટમાં તેમના યોગદાન માટે આ નિર્ણય કર્યો.

(II) ધોની ભારતીય ટીમના કેપ્ટન હતા જેમાં 2007માં ICC T20 વિશ્વકપ, 2011માં ICC વનડે વિશ્વ કપ અને 2013માં ICC ચેમ્પિયન ટ્રોફી જીતી.

(III) ધોની આ સન્માન મેળવનાર બીજા ખેલાડી છે. અગાઉ સચિન તેંડુલકરની 10નંબરની જર્સી રિટાયર કરી હતી.

(IV) ICC ના નિયમાનુસાર ખેલાડી પોતાની જર્સી માટે 1 થી 100 વચ્ચે કોઈ પણ નંબર પસંદ કરી શકે છે.

(V) ફૂટબોલ અને બાસ્કેટબોલમાં પણ જર્સી રિટાયર કરવામાં આવે છે. શિકાગો બુલ્સે માઈકલ જોર્ડનના સન્માનમાં પ્રસિદ્ધ 23 નંબરની જર્સી રિટાયર કરી હતી.

Current Affairs By C.H.Shingala GPSC

## (*) વિજય દિવસ- 16 ડિસેમ્બર

(I) 1971ના યુદ્ધ દરમિયાન પાકિસ્તાન પર ભારતીય સેનાની જીતની યાદમાં દર વર્ષે આ દિવસ મનાવાય છે.

(II) વર્ષ 2023માં ભારત-બાંગ્લાદેશની મિત્રતાની 52મી વર્ષગાંઠ પણ મનાવાઈ છે.

(III) 3 ડિસે. 1971ના રોજ પાકિસ્તાને ભારતના 11 હવાઈ મથકો પર હુમલા કર્યા બાદ યુદ્ધની શરૂઆત થઈ. અને 16 ડિસે. પાક. સેના પ્રમુખ જનરલ અમીર અબ્દુલ્લા ખાન નિયાઝીએ ભારતીય સેના સામે તેના સૈનિકો સાથે આત્મસમર્પણ કર્યું.

(IV) યુદ્ધ દરમિયાન ભારતના પ્રધાનમંત્રી ઈંદિરા ગાંધી હતા. બાંગ્લાદેશમાં આ દિવસ વિજય દિવસ અથવા બાંગ્લાદેશ મુક્તિદિવસ તરીકે મનાવાય છે.

**DGCA એ અયોધ્યા હવાઈ મથક માટે લાયસન્સ આપ્યું.**

(I) ભારતીય વિમાન પ્રાધિકરણે રૂ. 350 કરોડમાં બનાવાયેલ આ હવાઈ મથકને 'મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ આંતરરાષ્ટ્રીય હવાઈ મથક' નામ અપાયું.

(II) આ મથકમાં લેન્ડિંગ ઉપકરણ સિસ્ટમ લગાવાઈ છે જે ઓછા પ્રકાશમાં વિમાન સંચાલનમાં મદદ કરશે.

→ આ સાથે કેન્દ્રીય મંત્રિમંડળે સૂરત હવાઈ મથકને 'આંતરરાષ્ટ્રીય હવાઈમથક' બનાવવાના પ્રસ્તાવને મંજૂર કર્યો. જે મગદલ્લા ખાતે રહેશે.

**ઈરાને 33 દેશોના નાગરિકો માટે વિઝા આવશ્યકતા સમાપ્ત કરી.**

(I) ઈરાન સરકારે ભારત અને ખાડી દેશો સહિત 33 દેશોના નાગરિકો માટે વીઝા આવશ્યકતા દૂર કરી

(II) આ નિર્ણયનો ઉદ્દેશ્ય પર્યટનને વધારવાનો અને વિવિધ દેશોને આકર્ષિત કરવાનો છે.

(III) વર્તમાનમાં ભારત ઈરાન સાથે વીઝા છૂટછાટ રાખે છે જે ભારતીય રાજનાયિકો માટે ફાયદાકારક છે.

(IV) ભારતને મલેશિયા, થાઈલેન્ડ, શ્રીલંકા સહિતના દેશોમાં વીઝા મુક્તિ મળી છે.

**મિશન એન્ટાર્કટિકા**

(I) રક્ષા રાજ્યમંત્રી અજય ભટ્ટે હિમાલય પર્વતારોહણ સંસ્થાન, દાર્જિલિંગની એક ટીમ સંચાલિત આ મિશનને લીલી ઝંડી આપી.

(II) ટીમ 16,500 ફૂટ ઊંચાઈએ 7500 વર્ગ ફૂટના [illegible] રાષ્ટ્રીય ધ્વજને લહેરાવશે.

(III) આ ટીમે એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ તથા માઉન્ટ વિંસન શિખર પર ધ્વજ લહેરાવવાના રેકોર્ડ બનાવ્યા છે.

GPSC Current Affairs By C.H.Shingala

## ✱ 'કલ કે રહેને યોગ્ય શહેર' વિષય પર વૈશ્વિક શિખર સંમેલન

(I) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી કૌશલ કિશોરની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે આ સંમેલન આયોજન થયું.

(II) ત્રિસત્રીય સંમેલનમાં રહેવા યોગ્ય શહેરોની રચનાથી લઈને સ્થાયી નાણાકીય સુવિધા, ડિજિટલીકરણ, શહેરીકરણની બાબતો ધ્યાને લેવામાં આવી.

(III) આ સંમેલન વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024નો હિસ્સો છે.

## ✱ પ્રધાનમંત્રીએ સૂરત ડાયમંડ બુર્સનું ઉદ્ઘાટન કર્યું.

(I) ડાયમંડ બુર્સ હીરા અને આભૂષણ વ્યવસાય માટે દુનિયાનું સૌથી મોટું અને આધુનિક કેન્દ્ર છે. જે સૂરત નજીકના ખજોદ ગામમાં સ્થિત છે.

(II) 67 લાખ વર્ગ ફૂટથી વધુના ક્ષેત્રફળવાળું આ પરિસર વિશ્વનું સૌથી મોટું પરિસર છે.

(III) 2015માં ગુજરાતના પૂર્વ CM આનંદીબેન પટેલે ડાયમંડ બુર્સની પરિયોજનાનું ભૂમિ પૂજન કર્યું હતું.

## ✱ ડૉ. શ્રીનિવાસ નાઈક દારાવથ

(I) એડવોકેટ્સ એસોસિએશન ફોર સોશ્યલ રિસ્પોન્સિબિલિટી એન્ડ અવેરનેસે ડૉ. શ્રીનિવાસને 2023નો વિઝનરી લીડર આઈકન એવોર્ડથી સન્માનિત કર્યા.

(II) ડૉ. શ્રીનિવાસ રિયલ વિઝન હોમ્સ પ્રા. લિ.ના અધ્યક્ષ છે. અને આ એવોર્ડ તેમને રિયલ એસ્ટેટ ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ યોગદાન અને સામાજિક જવાબદારી પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા માટે અપાયો.

Current Affairs By C.H. Shingala

કરન્ટ અફેર્સ
Crack GPSC
Daily કરન્ટ અફેર્સ PDF આપને
ટેલિગ્રામ ચેનલમાં મળશે.
/CrackGPSCapp

## * ખેલો ઈન્ડિયા પેરાગેમ્સ

(I) પ્રથમવાર આયોજિત ખેલો ઈન્ડિયા પેરાગેમ્સનું નવી દિલ્હી ખાતે સમાપન થયું. જેમાં દેશભરમાંથી 1450 પેરા એથ્લીટોએ ભાગ લીધો હતા.

(II) હરિયાણા 40 ગોલ્ડ, 39 સિલ્વર અને 26 બ્રોન્ઝ સાથે 105 મેડલ સાથે પ્રથમ ક્રમે રહ્યું.

(III) ઉત્તરપ્રદેશ 25 ગોલ્ડ, 23 સિલ્વર, 14 કાંસ્ય સહિત 62 સાથે બીજા અને તમિલનાડુ 20 ગોલ્ડ, 8 સિલ્વર, 14 બ્રોન્ઝ સાથે ત્રીજા સ્થાને.

(IV) ટેબલ ટેનિસ પુરુષ વર્ગમાં હરિયાણાને સુમિત સહગલે ફાયનલમાં ગુજરાતના રમેશ ચૌધરીને 3-0 થી હરાવી ગોલ્ડ મેળવ્યો.

## * કાશી તમિલ સંગમ 2023 ની બીજી આવૃત્તિ

(I) પ્રધાનમંત્રીએ વારાણસીના નમો ઘાટ પર આ આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું. અને આ સાથે તેમણે કન્યાકુમારી-વારાણસી તમિલ સંગમ ટ્રેનને લીલીઝંડી આપી.

(II) તમિલ પ્રતિનિધિમંડળના પ્રથમ જૂથ જેનું નામ 'ગંગા' પરથી રખાયું છે તે આ કાશી તમિલ સંગમના 15 દિવસીય બીજા ચરણમાં ભાગ લેશે.

(III) પ્રધાનમંત્રીએ આ તકે તેમના ભાષણમાં પ્રથમવાર AI નો ઉપયોગ કર્યો જેમાં ઉપસ્થિત લોકોને હેડફોનના માધ્યમથી તમિલ ભાષામાં વાસ્તવિક સમયમાં અનુવાદ કરવામાં આવ્યો.

## * ભારતના પ્રથમ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ આર્મી હોસ્પિટલમાં સફળતાપૂર્વક કરવામાં આવ્યું.

(I) રક્ષા મંત્રાલય અનુસાર દિલ્હી કેન્ટમાં બાળકમાં પ્રાથમિક ઈમ્યુનોડેફિશિયન્સી વિકારનું નિદાન કરાયું.

(II) રોગીની રોગપ્રતિકાર ક્ષમતા ખૂબ ઓછી હોવાથી વિવિધ સંક્રમણો પ્રત્યે સંવેદનશીલ હતા. જેની દોષપૂર્ણ કોશિકાઓને સ્વસ્થ કોશિકામાં ફેરવવામાં આવી.

(III) બોન મેરો (અસ્થિમજ્જા) એ હાડકામાં બનતું માવા જેવું તત્વ છે જે RBC ના નિર્માણ માટેનું સ્થળ છે.

## ✱ અલ્પસંખ્યક અધિકાર દિવસ - 18 ડિસેમ્બર

(I) સંયુક્ત રાષ્ટ્રએ 1992માં ધાર્મિક કે ભાષાકીય રાષ્ટ્રીય કે જાતીય અલ્પસંખ્યકો સંબંધિત વ્યક્તિગત અધિકારો માટે દિવસ અપનાવ્યો. જેના ઉદ્દેશ્ય અલ્પસંખ્યકોની સ્વતંત્રતા અને સમાનતાના અવસર બાબતે જાગૃતતા લાવવાનો છે.

(II) એક સમુદાય કે જેને દેશમાં સામાજિક, રાજકીય, આર્થિક રીતે ઓછી પ્રમુખતા આપવામાં આવે અને તેમની વસ્તી ઓછી હોય તેને અલ્પસંખ્યક કહેવાય છે.

(III) ભારતમાં અલ્પસંખ્યકની સુરક્ષા માટે રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગ અધિનિયમ હેઠળ 1992માં રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગ (NCM) ની રચના કરવામાં આવી.

(IV) ભારત સરકારે 6 ધાર્મિક સમુદાયોને અલ્પસંખ્યકની યાદીમાં મૂક્યા છે.

• મુસ્લિમ, ઈસાઈ, સિખ, બૌદ્ધ, પારસી, જૈન •

## ✱ યુનિડ્રોઈટ ચૂંટણીમાં ભારતનો દબદબો

(I) ભારતીય ઉમેદવાર ઉમા શેખરે ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ફોર ધ યુનિફિકેશન ઓફ પ્રાઈવેટ લૉ (યુનિડ્રોઈટ) ની ગવર્નિંગ કાઉન્સિલમાં રશિયા, અમેરિકા અને ચીનના ઉમેદવારો સામે જીત મેળવી.

(II) આ જીતથી આંતરરાષ્ટ્રીય કાયદાની બાબતમાં ભારતનો દબદબો વધ્યો છે. ઉમા શેખર આ પદ મેળવનાર ભારતની પ્રથમ મહિલા છે.

(III) ભારતે જીત માટે 21 વોટની સામે 59માંથી 45 વોટ મેળવી 2024-28 સુધી સદસ્યતા મેળવી.

(IV) યુનિડ્રોઈટ એક સ્વતંત્ર આંતર સરકારી સંગઠન છે. જે વિશ્વ સ્તરે વાણિજ્યિક કાયદામાં એકરૂપતાને વધારવા બાબતે ધ્યાન કેન્દ્રિત કરે છે.

⇒ મુખ્યાલય - રોમ, ઈટલી
⇒ સ્થાપના - 1926

યાદ રાખો ☺

▶ હાર્દિક પંડ્યા IPLમાં મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન બન્યા.

Current Affairs By C.H Shingala
GCPSC


UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય)
તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

**UP TO 40% OFF**

# આધુનિક ભારતનો ઈતિહાસ

**નવી પરીક્ષા પદ્ધતિ મુજબ ઊંડાણ પૂર્વક તૈયારી માટે**

- **'એક બુક, બધી જ પરીક્ષાઓ'** કન્સેપ્ટ.
- **NCERT** અને **નેશનલ લેવલ**નાં હિંદી અને અંગ્રેજી માધ્યમનાં પુસ્તકો, મેગેઝિન્સ, ઓનલાઈન મટીરીયલ અને સારા સંદર્ભ ગ્રંથોનો એક જ પુસ્તકમાં સમાવેશ.
- ઓથેન્ટિક માહિતી સાથે અપડેટ કરીને પુસ્તકને **અપ ટુ ડેટ** અને **ઓથેન્ટિક** બનાવવામાં આવ્યું છે.
- ખૂબ જ ઓછા સમયમાં અને **ઊંડાણપૂર્વક પરીક્ષાલક્ષી તૈયારી** કરવા ખૂબ જ ઉપયોગી.
- આપ જો **યોગ્ય દિશામાં, ઓછી છતાં પૂરતી મહેનત**થી, ઓછા વાંચનથી છતાં સંપૂર્ણ તૈયારી કરવા માગો છો, તો **આ પુસ્તક અવશ્ય વાંચો.**




MRP. ~~380/-~~
Only @ 230/-

**ORDER**

Visit website **crackgpsc.com/books** **OR અથવા** **Crack GPSC** એપમાં **BOOKS** વિભાગ પરથી **OR અથવા** નીચે આપેલ **QR કોડ દ્વારા પેમેન્ટ કરો.**

**ડેમો કોપી એપમાં મટીરીયલ સેક્શનમાં ઉપલબ્ધ**

**કુરિયર સર્વિસ FREE**
(4 થી 7 દિવસમાં ડિલીવરી)

**Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય**

**વધુ માહિતી / ઓર્ડર માટે**

**CLICK HERE**

અથવા સ્કેન કરો

**QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 7600051070 પર Whatsapp કરો.**

**For help** WhatsApp અથવા કોલ કરો : 76000 51070

(*) ચીનમાં 6.2 ની તીવ્રતાના ભૂકંપથી ગાંસુ અને કિંઘઈ પ્રાંતમાં 116 લોકોના મોત.

(1) આ ભૂકંપમાં 230 થી વધુ લોકો ઘાયલ થયા અને અનેક રસ્તાઓ, વીજળી, સંચાર સિસ્ટમ ઠપ થયા.

**• ભૂકંપ •**

▷ ભૂકંપ સામાન્ય રીતે ટેક્ટોનિક પ્લેટની ગતિના કારણે આવે છે.

▷ જ્યારે ભૂકંપના કિરણો સપાટી પર આવે ત્યારે તે વધુ ઊર્જા ધરાવે છે અને વિનાશકારી બને છે.

▷ પશ્ચિમી હિમાલય દુનિયાના સૌથી ખતરનાક ભૂકંપીય ક્ષેત્રમાંનું એક છે.

(*) ગોવા મુક્તિ દિવસ - 19 ડિસેમ્બર

(I) 1961માં પોર્ટુગીઝોને હરાવી સશસ્ત્ર દળો દ્વારા ગોવાને 'ઓપરેશન વિજય' હેઠળ આઝાદ કરી ભારત સંઘમાં જોડ્યું.

(II) 1510 થી ગોવા પોર્ટુગીઝોના કબજામાં હતું.

(III) 36 કલાકના ઓપરેશન બાદ ભારતીય સૈનિકોએ ગોવાને ભારતમાં જોડ્યું. અને પોર્ટુગલ ગવર્નર, મેનુઅલ એન્ટોનિયો વાસાલો ઈ સિલ્વાએ આત્મસમર્પણ સાથે હસ્તાક્ષર કર્યા.

(IV) 30 મે 1987એ ગોવાને ભારતના 25માં રાજ્ય તરીકે સ્થાપિત કરાયું.

(*) ગોલ્ડન આઉલ પુરસ્કાર

(I) ભારતીય સશસ્ત્ર દળના અધિકારીઓને શ્રીલંકામાં આયોજિત કમાન્ડ એન્ડ સ્ટાફ કોલેજમાં કમાન્ડ એન્ડ સ્ટાફ કોર્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આ પુરસ્કાર અપાયો.

(II) આ પાઠ્યક્રમ અધિકારીઓને સંયુક્ત અભિયાનોમાં નેતૃત્વની ભૂમિકા માટે ડિઝાઈન કરાયા હતો.

(III) વિંગ કમાન્ડર સુમીત મહાજન, મેજર રોહિત અને લે. કમાન્ડર સની શર્માને આ પુરસ્કાર શ્રીલંકાના રાષ્ટ્રપતિ રનિલ વિક્રમ સિંઘે આપ્યા.

Current Affairs By C.H.Shingala

[*] ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ બાબતે હૈદરાબાદ ભારતમાં પ્રથમ

(I) NCRB એ જાહેર કરેલાં આંકડાંઓ અનુસાર હૈદરાબાદ પ્રથમ રહ્યું.

(II) જપ્ત કરાયેલ વસ્તુમાં આદુ-લસણની ચટણી, આઈસક્રીમ અને ચા પાવડરનો સમાવેશ થાય છે.

(III) 2021માં ભારતના 19 મુખ્ય શહેરોમાં ખાદ્ય પદાર્થમાં ભેળસેળના ૨૯૧ બાબતો સામે આવી હતી.

[*] PM મોદીએ ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના 402 Kmના લાંબા ખંડનું ઉદ્ઘાટન કર્યું.

(I) ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરને નવા દીન દયાલ ઉપાધ્યાય જંકશન થી ન્યૂ ભાઉપુર જંકશન સુધી 402 Km લાંબા સેક્શનનું લોકાર્પણ કર્યું.

(II) આ સેક્શનનું ઉદ્ઘાટન ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરનો આ ખંડ દિલ્લી-હાવડા રેલમાર્ગ એક મહત્વપૂર્ણ હિસ્સો છે. આ ખંડ ચંદૌલી, મિર્ઝાપુર, પ્રયાગરાજ, પર સ્થિત છે, જે ઉત્તર પ્રદેશના કૌશાંબી, ફતેહપુર, કાનપુર નગર અને કાનપુર દેહાત જિલ્લા-માંથી પસાર થાય છે.

(III) તેમાં કુલ 12 સ્ટેશન છે. જેમાં 6 જંકશન સ્ટેશન છે અને 6 ક્રોસિંગ સ્ટેશન સામેલ છે.

(IV) આ કોરિડોર ઝારખંડ અને પ.બંગાળના કોલસા ક્ષેત્ર. જેવાં નોર્ધન કોલફીલ્ડ્સ અને ભારત કોકિંગ કોલ લિમિટેડ અને લિ. ને ઉત્તર ભારત સુધી જોડશે.

યાદ રાખો :)

▶ વિશ્વ બેંકના રિપોર્ટ મુજબ ભારત 2023માં Dispach ના સૌથી મોટો પ્રાપ્તકર્તા બન્યો.

▶ શેખ નવાફની મૃત્યુ બાદ શેખ મેશાલ અલ-અહમદ અલ જાબેર અલ સબા કુવૈતના નવા અમીર નામિત જાહેર થયા.

Current Affairs By C.H.Shingala GPSC

## [*] આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ - ૨૦૨૩ - ૧૮ ડિસેમ્બર

(I) દુનિયા ભરમાં પ્રવાસીઓની દુર્દશા બાબતે જાગૃતતા લાવવા આ દિવસ ઉજવાય છે.

(II) વર્ષ ૨૦૨૩નો વિષય - 'એક્ટ ટુડે'

(III) 1990માં UN મહાસભાએ તમામ પ્રવાસી શ્રમિકો અને તેમના પરિવારોના સભ્યોના અધિકારોની સુરક્ષા બાબતે આંતરરાષ્ટ્રીય કન્વેંશનને અપનાવવા માટેની બાબતને પણ આ દિવસ ચિહ્નિત કરે છે.

(IV) ૨૦૨૦માં ૨૮૧ મિલિયનથી અધિક લોકો આંતરરાષ્ટ્રીય પ્રવાસી હતા. જ્યારે ૨૦૨૧ના આંતરિક રૂપથી ૬૧ મિલિયન -થી વધુ આંતરિક રીતે વિસ્થાપિત થયા.

(V) દુનિયાની સૌથી મોટી અપ્રવાસી આબાદી સંયુક્ત રાજ્ય અમેરિકામાં રહે છે.

(VI) કુલ 17.9 મિલિયન લોકો સાથે વિદેશમાં રહેવા વાળા મૂળ નિવાસિયોની સૌથી મોટી સંખ્યાની બાબતમાં ભારત ટોચ પર છે.

## [*] મહારાષ્ટ્ર ભારતની સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું.

(I) soic.in ની રિપોર્ટમાં GDPની હિસ્સેદારી બાબતે મહારાષ્ટ્ર સમગ્ર ભારતમાં પ્રથમ જ્યારે ઉત્તર પ્રદેશ બીજા સ્થાને રહ્યું. soic.in એક ઓનલાઈન બ્લોગિંગ પ્લેટફોર્મ છે જે રોકાણ અને શેર બજાર પર નજર રાખે છે.

(II) ભારતની કુલ GDPમાં 15.7% ની હિસ્સેદારી સાથે મહારાષ્ટ્ર સૌથી આગળ જ્યારે 9.2% સાથે ઉત્તરપ્રદેશ બીજા સ્થાને છે.

(III) તમિલનાડુ (9.1%), ગુજરાત (8.2%), પ. બંગાળ (7.5) પર છે. જ્યારે કર્ણાટક (6.2%), રાજસ્થાન (5.5%), આંધ્ર (4.9%), MP(4.6%) સાથે પાછળ છે.

Current Affairs By C.H.Shingala GPSC

(*) નેશનલ ઓર્ડર ઓફ મેરિટ ગોલ્ડ મેડલ

(I) ડૉ. પૂનમ ખેત્રપાલ સિંહ WHO ની ક્ષેત્રીય નિર્દેશક (દક્ષિણ-પૂર્વ એશિયા) છે. તેમને આ મેડલ મળ્યો.

(II) ડૉ. સિંહ એક ભારતીય નાગરિક છે. ભૂટાનના 116 માં રાષ્ટ્રીય દિવસ સમારોહમાં ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુકે તેમનું સન્માન કર્યું.

(III) ડૉ. સિંહે તેમના કાર્યકાળ દરમિયાન ભૂટાનમાં ઓરી અને રૂબેલાને ખત્મ કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો.

(*) અમેરિકાએ લાલ સાગરમાં હાઉતી જોખમના મુકાબલા માટે એક બહુરાષ્ટ્રીય ટાસ્ક ફોર્સનું ગઠન કર્યું.

(I) આ ટાસ્ક ફોર્સને 'ઓપરેશન પ્રોસ્પેરિટી ગાર્ડિયન' નામ આપાયું છે.

(II) બહરીન, કેનેડા, ફ્રાંસ, ઈટલી, નેધરલેન્ડ, નોર્વે, સેશેલ્સ સ્પેન, UK ની સેના પણ આ કાર્યમાં ભાગ લેશે.

(III) હાઉતી વિદ્રોહી સમૂહ લાલ સાગરમાં વ્યાપારિક જહાજો પર લગાતાર હુમલાઓ કરે છે જેના કારણે ઘણી કંપનીઓએ માર્ગ બદલવા મજબૂર થવું પડે છે. જેને રક્ષણ આપવા આ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે.

Current Affairs By C.K.Shingala

(*) ભૂતાન અસમ સાથે તેની સીમા પર 1000 વર્ગ km થી વધુના વિસ્તારમાં એક વિશાળ 'આંતરરાષ્ટ્રીય શહેર' બનાવવાની યોજના બનાવી રહ્યું છે.

(I) ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુકે થિમ્પૂ ખાતે આ જાહેરાત કરી. આ યોજનાથી ભારતના ઉત્તર-પૂર્વ રાજ્યોના માધ્યમથી દક્ષિણ એશિયાને દક્ષિણ પૂર્વ એશિયા સાથે જોડવાનું શક્ય બનશે.

(II) આ યોજનાને 'ગેલેફૂ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ' નામથી ઓળખવામાં આવશે.

(III) ગેલેફૂ યોજનામાં 'શૂન્ય ઉત્સર્જન' ઉદ્યોગ, એક 'માઈન્ડફુલનેસ સિટી' સામેલ હશે. જે ભૂટાનની પ્રવાસન ક્ષમતા વધારશે.

**(*) કોરોનાનો નવો વેરિઅન્ટ JN.1**

(I) કેન્દ્ર સરકારે દેશમાં JN.1 વેરિઅન્ટનો કેસ મળ્યા બાદ તમામ રાજ્યો માટે એડવાઈઝરી જાહેર કરી.

(II) JN.1 નો પ્રથમ કેસ કેરળના કારાકુલમમાં 79 વર્ષીય મહિલામાં જોવા મળ્યો.

(III) આ વેરિઅન્ટ સંયુક્ત રાજ્ય અમેરિકા, ચીન અને સિંગાપુરમાં પણ જોવા મળ્યા.

**(*) સંસદે GST ના અધ્યક્ષ અને સદસ્યની ઉંમર વધારવા મંજૂરી આપી.**

(I) GST અધ્યક્ષની ઉંમર 67થી વધારી 70 વર્ષ અને સદસ્યની ઉંમર 65થી વધારી 67 વર્ષ કરી.

(II) લોકસભાએ પસાર કરેલ કેન્દ્રીય વસ્તુ અને સેવા કર (બીજું સંશોધન) વિધેયક, 2023 રાજ્યસભામાં મોકલતાં, રાજ્યસભાએ કોઈ પણ બદલાવ વિના તેને પરત મોકલતાં બિલ પસાર થયું.

Current Affairs By C.H.Shingala

**(*) ભારતનું પ્રથમ એડવાન્સ્ડ પીડિયાટ્રિક સેન્ટર UP માં બનશે.**

(I) ઉત્તરપ્રદેશ મંત્રિમંડળે PGI, લખનઉમાં રાજ્યના પ્રથમ ઉન્નત બાલ ચિકિત્સા કેન્દ્રને સ્થાપિત કરવાની મંજૂરી આપી.

(II) આ કેન્દ્રમાં બાળકો સંબંધિત તમામ બીમારીઓની સારવાર માટે વિશેષ સુવિધા અપાશે.

(III) વર્તમાનમાં UP માં 40% આબાદી 0-18 વર્ષની આયુ ધરાવતા બાળકો અને કિશોરો છે.

(IV) આ સેન્ટરમાં જનરલ પીડિયાટ્રિક્સ, પીડિયાટ્રિક ઓન્કોલોજી, પીડિયાટ્રિક ઈમરજન્સી, ક્રિટિકલ કેર, સર્જરી, જેવી સુવિધા અપાશે.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

## [*] SAANS - અભિયાન - મણિપુર

(I) SAANS - Social Awareness and Action to Neutralize Pneumonia Successfully

(II) ન્યૂમોનિયાને સફળતાપૂર્વક ડામવા અને તેના માટે સામાજિક જાગૃતિ લાવવા મણિપુરના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણમંત્રી ડૉ. સપમ રંજન સિંહે આ અભિયાન શરૂ કર્યું.

(III) ન્યૂમોનિયાએ ફેફસામાં આવેલ સોજાની સ્થિતિ છે. જે મુખ્ય રૂપથી એલ્વિયોલી નામક સુક્ષ્મ વાયુ પ્રણાલીને પ્રભાવિત કરે છે. તેનાં લક્ષણોમાં સૂકી ઉધરસ, છાતીમાં દુઃખાવો, તાવ અને શ્વાસ લેવામાં તકલીફનો સમાવેશ થાય છે.

## [*] સાહિત્ય અકાદમી પુરસ્કાર - 2023

→ 1954માં સાહિત્ય અકાદમીએ આ પુરસ્કારની શરૂઆત કરી.
→ આ પુરસ્કાર 24 ભાષામાં (8મી અનુસૂચિની 22 અને રાજસ્થાની તથા અંગ્રેજી) પુરસ્કાર આપે છે.

(I) તમિલ - રાજશેખરન (ઉપન્યાસ નીરવજી પટ્ટમ માટે)
(II) તેલુગુ - પતંજલિ શાસ્ત્રી
(III) મલયાલમ - ઈવી રામકૃષ્ણન
(IV) ડોગરી - વિજય વર્મા
(V) ગુજરાતી - વિનોદ જોશી
(VI) ઉડિયા - આશુતોષ પરિડા
(VII) અસમિયા - પ્રણવજ્યોતિ ડેકા
(VIII) બોડો - નંદેશ્વરી દૈમારી
(IX) સંથાલી - તારાસીન બાસ્કી
(X) હિન્દી - સંજીવ
(XI) અંગ્રેજી - નીલમ શરન ગૌર

## ⊛ ટાગોર સાહિત્ય પુરસ્કાર- સુકૃતા પોલ કુમાર

(I) સુકૃતાને તેમની પુસ્તક 'સોલ્ટ એન્ડ પેપર: સિલેક્ટેડ પોએમ્સ' માટે રવીન્દ્રનાથ ટાગોર સાહિત્ય પુરસ્કાર અપાયો.

(II) પુરસ્કારમાં 5000 અમેરિકી ડોલર, ટાગોર પ્રતિમા અને પ્રમાણપત્ર અપાશે.

(III) આ પુરસ્કાર 2018માં અમેરિકા સ્થિત પ્રકાશક પીટર ખુંડાલોએ શરૂ કર્યો હતો.

## ⊛ UNESCO એ પંજાબમાં અમૃતસરમાં રામબાગ ગેટ અને પ્રાચીરને પુરસ્કૃત કર્યા.

(I) રામબાગ ગેટ અને રેમ્પર્ટ્સ (પ્રાચીર) પરિયોજનાને સર્વોચ્ચ સન્માન 'ઉત્કૃષ્ટતા પુરસ્કાર' તેમની સમાવેશતા અને વ્યાપક પણ લોકો સુધી પહોંચતા માટે અપાયો.

(II) ઉપરાંત હરિયાણાના ગુરુગ્રામમાં વર્ક ઓફ ઓફિસની અને બીકાનેર હાઉસને 'એવોર્ડ ઓફ મેરિટ' અપાયો.

Current Affairs By C.H.Shingala

## ⊛ પાટ-મિત્રો એપ્લિકેશન

(I) કાપડ મંત્રાલયે જૂટ (શણ) ના ઉત્પાદન કરતાં ખેડૂતો માટે મહત્વપૂર્ણ જાણકારી આપવા આ એપ શરૂ કરી છે.

(II) કાપડ મંત્રાલયના સહયોગી સચિવ રચના શાહે ભારતના 6 સમુદ્રી તટ વિસ્તારમાં તેનું લોન્ચિંગ કર્યું. જેને જૂટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવી છે.

(III) એપમાં MSP અંતર્ગતની સુવિધા તથા વિવિધ પ્રશ્નો માટે ચેટબોટની સુવિધા આપવામાં આવી છે.

કરન્ટ અફેર્સ

Crack GPSC

Daily કરન્ટ અફેર્સ PDF આપને
ટેલિગ્રામ ચેનલમાં મળશે.

/CrackGPSCapp

## [*] રાષ્ટ્રીય ગણિત દિવસ- ૨૨ ડિસેમ્બર

(I) ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનની જયંતીને રાષ્ટ્રીય ગણિત દિવસથી ઉજવાય છે. તેઓએ વિશ્વને 3500 જેટલાં ગણિતના સૂત્રો પ્રદાન કર્યા છે.

(II) આ દિવસનો ઉદ્દેશ્ય માનવતાના વિકાસ માટે ગણિતના મહત્વ બાબતે જાગૃતતા લાવવાનો છે.

(III) વર્ષ 2012માં પ્રધાનમંત્રી મનમોહન સિંહે રામાનુજનની 125મી જયંતી પર આ દિવસની સ્થાપના કરી.

### ⊙ શ્રીનિવાસન રામાનુજન ⊙

(I) જન્મ - 1887 તમિલનાડુ

(II) તેમને અનંતને ઓળખનાર વ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે.

(III) રોયલ સોસાયટીની ફેલોશિપ મેળવનાર સૌથી નાની ઉંમરના વ્યક્તિઓમાંના એક હતા.

## [*] મંગળ ગ્રહ પર જ્વાળામુખીય ગતિવિધિ જોવા મળી

(I) વૈજ્ઞાનિકોને મંગળ ગ્રહ પર એલીસિયમ પ્લેનિટિયા નામક મેદાન પર આ ગતિવિધિ જોવા મળી.

(II) સંશોધન પરથી આ ગતિવિધિ પાછલા 120 મિલિયન વર્ષોમાં થઈ હોવાનું મનાય છે.

(III) સમગ્ર અધ્યયનનું નેતૃત્વ વૈજ્ઞાનિક ક્રિસ્ટોફર હૈમિલ્ટન અને જેથાના વોઈગટે કર્યું છે.

## [*] ભારતના 75માં સ્વાતંત્ર્ય દિવસ (26/1/2024) નિમિત્તે ફ્રાંસના રાષ્ટ્રપતિ મુખ્ય અતિથિ બનશે.

(I) ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અતિથિ બનશે. જે સાથે ફ્રાંસના વડા 6ઠ્ઠીવાર ભારતના અતિથિ બનશે.

(II) આ વર્ષે બંને દેશો પોતાની મિત્રતાની 25મી વર્ષગાંઠ પણ મનાવી રહ્યા છે.

Current Affairs By C.P. Shingala GCPSC

### ✱ ગુજરાત સરકારે ગિફ્ટ સિટીમાંથી દારૂ પ્રતિબંધ હટાવ્યો

(I) ગુજરાત સરકારે 'વૈશ્વિક વ્યાપાર પારિસ્થિતિકી તંત્ર બનાવવા ગાંધીનગરના GIFI (Gujarat International Finance Tech-city) ખાતે દારૂબંધી દૂર કરી.

(II) ગિફ્ટ સિટીમાં કંપનીઓના માલિકો અને કર્મચારીઓને 'શરાબ એક્સેસ પરમિટ' આપવામાં આવશે. આ કંપનીઓ આવનારા લોકો માટે શરાબ માટે અસ્થાયી પરમિટ અધિકૃત કરી શકશે.

(III) ગિફ્ટ સિટીમાં 261 એકરમાં સ્પેશિયલ આર્થિક ક્ષેત્ર (SEZ) અને 625 એકરમાં DTA સ્થાપિત છે.

### ✱ રાષ્ટ્રીય ખેડૂત દિવસ - ૨૩ ડિસેમ્બર

(I) ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણસિંહની જયંતી અને દેશમાં ખેડૂતોના ઉત્થાનમાં તેમના યોગદાન માટે આ દિવસ મનાવાય છે.

(II) આ દિવસ અર્થવ્યવસ્થા અને સમાજમાં ખેડૂતોના યોગદાનની સરાહના કરવા અને સમાજમાં ખેડૂતોની ભૂમિકા બાબતે જાગૃતતા લાવવા આ દિવસ મનાવાય છે.

(III) ૨૦૦૧માં સરકારે આ દિવસની શરૂઆત કરી હતી.

(IV) વર્ષ ૨૦૨૩ની થીમ - 'ભવિષ્યની ખેતી: ખેતીમાં નવીનતા અને સ્થિરતા.'

Current Affairs By C.H.Shingala GPSC

### ✱ આંતરરાષ્ટ્રીય કેમેલિડ્સ (camelids) (ઊંટના બચ્ચા) વર્ષ ૨૦૨૪

(I) UN એ વિશ્વભરમાં કેમેલિડ્સના મહત્વને ઉજાગર કરવા ૨૦૨૪ના વર્ષને કેમેલિડ્સ વર્ષ જાહેર કર્યું.

(II) હાલ ૧૦થી વધુ દેશો ઊંટ પર આધારિત ખોરાક અને કૃષિ સાથે જોડાયેલ છે.

(III) એક સમૂહ તરીકે કૈમેલિડ્સના અલ્પાકા, બૈક્ટ્રિયન ઊંટ, ડ્રોમેડરીઝ, ગુઆનાકોસ, લામા, વિકુનાસનો સમાવેશ થાય છે.

(IV) કૈમેલિડ્સ દૂધ અને માંસનો એક સ્ત્રોત છે જે લોકોને ભૂખ સામે લડવામાં મદદ કરે છે, અને તે પ્રોટીનનો પણ મોટો સ્ત્રોત છે.


UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય)
તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

UP TO 40% OFF

# ભારતનો ઈતિહાસ

**નવી પરીક્ષા પદ્ધતિ મુજબ ઊંડાણ પૂર્વક તૈયારી માટે**

- **‘એક બુક, બધી જ પરીક્ષાઓ’** કન્સેપ્ટ.
- **NCERT** અને **નેશનલ લેવલ**નાં હિંદી અને અંગ્રેજી માધ્યમનાં પુસ્તકો, મેગેઝિન્સ, ઓનલાઈન મટીરીયલ અને સારા સંદર્ભ ગ્રંથોનો એક જ પુસ્તકમાં સમાવેશ.
- ઓથેન્ટિક માહિતી સાથે અપડેટ કરીને પુસ્તકને **અપ ટુ ડેટ** અને **ઓથેન્ટિક** બનાવવામાં આવ્યું છે.
- ખૂબ જ ઓછા સમયમાં અને **ઊંડાણપૂર્વક પરીક્ષાલક્ષી તૈયારી** કરવા ખૂબ જ ઉપયોગી.
- આપ જો **યોગ્ય દિશામાં, ઓછી છતાં પૂરતી મહેનતથી,** ઓછા વાંચનથી છતાં સંપૂર્ણ તૈયારી કરવા માગો છો, તો **આ પુસ્તક અવશ્ય વાંચો.**




MRP. ~~380/-~~
Only @ 230/-

ORDER

Visit website **crackgpsc.com/books** **OR અથવા** **Crack GPSC** એપમાં **BOOKS** વિભાગ પરથી **OR અથવા** નીચે આપેલ **QR કોડ દ્વારા પેમેન્ટ કરો.**

**ડેમો કોપી એપમાં મટીરીયલ સેક્શનમાં ઉપલબ્ધ**

**કુરિયર સર્વિસ FREE**
(4 થી 7 દિવસમાં ડિલીવરી)

**Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય**

**વધુ માહિતી / ઓર્ડર માટે**

**CLICK HERE**

અથવા સ્કેન કરો

**QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 7600051070 પર Whatsapp કરો.**

**For help** WhatsApp અથવા કોલ કરો : 76000 51070

**✱ UKએ 2027થી લોખંડ પર કાર્બન બોર્ડર ટેક્સ લાગૂ કર્યો.**

(I) યુરોપીય સંઘ બાદ UKએ લોખંડ, સ્ટીલ, એલ્યુમિનિયમ, સિરામિક અને સિમેન્ટ પર કાર્બન બોર્ડર ટેક્સ લાગૂ કર્યો જે કાર્બન ઉત્સર્જનની માત્રાના આધારે લાગૂ થશે.

(II) આ પગલાંથી UKના ઉદ્યોગક્ષેત્રો ડીકાર્બોનાઈઝેશન માટે વિશ્વાસ પ્રાપ્ત થશે.

(III) ભારતે વિકસિત દેશોના અર્થતંત્રને ધ્યાને રાખતા આ ટેક્સ સામે વિરોધ નોંધાવ્યો છે.

**✱ સાક્ષી મલિક (કુશ્તી)એ સંન્યાસની જાહેરાત કરી**

(I) ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતાએ દિલ્લી ખાતે આ જાહેરાત કરી.

(II) સાક્ષીએ છેલ્લે 2022માં બર્મિંઘમ ખાતે કોમનવેલ્થમાં ભાગ લીધો હતો.

(III) સાક્ષીનો જન્મ 3 સપ્ટે. 1992 હરિયાણાના રોહતકમાં થયો હતો. અને 17 વર્ષની ઉંમરે 2009 એશિયાઈ જૂનિયર વિશ્વ ચેમ્પિયનશિપમાં 59kgમાં ફ્રીસ્ટાઈલમાં સિલ્વર મેળવ્યો હતો.

Current Affairs By C.H. Shingala GPSC

**✱ ક્રોમ્પટનને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ પુરસ્કાર-2023 અપાયો.**

(I) રાષ્ટ્રપતિ મુર્મૂએ ક્રોમ્પટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિ.ને આ પુરસ્કાર આપ્યો.

(II) ક્રોમ્પટનને આ પુરસ્કાર તેના સ્ટોરેજ વોટર હીટર માટે વર્ષ 2023ના સૌથી વધુ કુશળ ઉપકરણ શ્રેણીમાં અપાયો.

(III) ક્રોમ્પટન એ મુંબઈ સ્થિત ભારતીય વિદ્યુત ઉપકરણ બનાવતી કંપની છે.

(*) ભારતનું પ્રથમ AI શહેર ઉત્તર પ્રદેશે લખનઉમાં સ્થાપિત કર્યું.

(I) ગ્રેંડ વ્યૂ રિસર્ચની રિપોર્ટમાં 2022માં ગ્લોબલ એઆઈ બજારમાં 137 બિલિયન ડોલરનો આંક મેળવ્યો. અને 2023 થી 2030 સુધીમાં 37.3%ની ચક્રવૃદ્ધિ વાર્ષિક દરનું અનુમાન છે.

(II) સરકાર આ યોજના માટે નાદરગંજ ઔદ્યોગિક ક્ષેત્રમાં 40 એકર ભૂમિ પ્રદાન કરશે, જે તમામ નીતિ નિયમોથી મુક્ત હશે.

(*) એમ એમ નરવણેની આત્મકથા.

(I) પૂર્વ સેના પ્રમુખ જનરલ એમ એમ નરવણેએ તેમની આત્મકથા 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની'નું અનાવરણ કર્યું.

(II) પૂર્વ સેના પ્રમુખે તેના સંસ્મરણોમાં લખ્યું છે કે અગ્નિપથ યોજનાએ સેનાને આશ્ચર્યચકિત કર્યા છે અને તે નૌસેના અને વાયુ સેના માટેનો એક ઝટકા છે.

(III) નરવણે 31 ડિસે. 2019 થી 30 એપ્રિલ 2022 સુધી સેના પ્રમુખ રહ્યા.

(*) સુશાસન દિવસ - 25 ડિસેમ્બર

(I) ડૉ. જિતેન્દ્રસિંહે IGOT કર્મયોગી પ્લેટફોર્મ પર 3 નવા ફીચર્સ લોન્ચ કર્યા માય IGOT, બ્લેંડેડ પ્રોગ્રામ્સ, ક્યૂરેટેડ પ્રોગ્રામ્સ.

(II) વર્ષ 2014માં પ્રધાનમંત્રી મોદીએ પૂર્વ PM અટલ બિહારી વાજપેયીની જયંતી 25 ડિસેમ્બરને 'સુશાસન દિવસ' જાહેર કર્યો હતો.

(III) આ દિવસનો ઉદ્દેશ્ય સુશાસનના માધ્યમથી વિવિધ સરકારી કાર્યક્રમો અને સેવાઓથી જનતા સુધી પહોંચવાનો છે.

• અટલ બિહારી વાજપેયી •

→ જન્મ - 1924, મ.પ્ર.ના ગ્વાલિયર
→ UN ને હિન્દીમાં સંબોધનાર પ્રથમ PM
→ 27 માર્ચ 2015 - ભારત રત્નથી સન્માનિત.
→ 1998 - પોખરણ પરમાણુ બીજું પરીક્ષણ

Current Affairs By CH Shingala
GPSC

## (*) INS- ઈમ્ફાલ

(I) ભારતીય નૌસેનાએ રક્ષા મંત્રી રાજનાથ સિંહની ઉપસ્થિતિમાં મુંબઈમાં INS ઈમ્ફાલનું જલાવતરણ કર્યું.

(II) INS-ઈમ્ફાલ ભારતીય નૌસેનાની નવીનતમ સ્ટીલ્થ નિર્દેશિત મિસાઈલ જહાજ છે.

(III) INS-ઈમ્ફાલ ભારતીય નૌસેનાના વિશાખાપટ્ટનમ શ્રેણીનું ત્રીજુ જહાજ છે. અને સ્વતંત્રતા સંગ્રામમાં મણિપુરના બલિદાન અને યોગદાન બદલ તેને ઈમ્ફાલનું નામ અપાયું.

## (*) આંતરરાષ્ટ્રીય ઉપભોક્તા (consumer) દિવસ - 24 ડિસેમ્બર

(I) ગ્રાહકના અધિકારી અને શક્તિ બાબતે જાગૃતતા લાવવા માટે આ દિવસ મનાવાય છે.

(II) 24 ડિસે. 1986 એ ગ્રાહક સંરક્ષણ વિધેયક પસાર કરાયું હતુ. આ અધિનિયમ 6 પ્રાથમિક અધિકારો આપે છે.

- ઉત્પાદન પસંદગી
- તમામ ખતરનાક વસ્તુથી સુરક્ષા
- તમામ ઉત્પાદનની ગુણવત્તા જાણવાનો.
- ગ્રાહકના હિત સંબંધિત નિર્ણયોનો સુનાવણીનો
- ઉલ્લંઘન થયેલ અધિકાર બાબતે નિવારણ મેળવવાનો
- શિક્ષાની જોગવાઈ.

(III) યાદ રાખો - વિશ્વ ઉપભોક્તા દિવસ - 15 માર્ચ

## (*) આંતરરાષ્ટ્રીય મહામારી દિવસ - 27 ડિસેમ્બર

(I) UN મહાસભાએ 7 ડિસે. 2020એ મુકેલા પ્રસ્તાવ અનુસાર પ્રથમવાર આ દિવસ 27 ડિસે. 2020એ મનાવાયો હતો.

(II) મહામારીને રોકવા, તેના માટે તૈયાર થવા બાબતે જાગૃતતા લાવવાનો ઉદ્દેશ્ય આ દિવસનો છે.

(III) મહામારીનો અર્થ ઓછાં સમયમાં એક ક્ષેત્રમાં એક ચોક્કસ વસ્તીમાં મોટી સંખ્યામાં બિમારીનો ઝડપી ફેલાવો થાય છે.

Current Affairs By C.H.Shingala
GPSC

## (*) ઇન્દ્રા ડિસ્ટ્રિક્ટ હેલીકોપ્ટર સેવા-ઉત્તર પ્રદેશ

(I) ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બટેશ્વર ખાતે આ સુવિધા શરૂ કરી. આગ્રાના બટેશ્વરથી મથુરાના ગોવર્ધન સુધી પ્રથમ સફરને લીલી ઝંડી આપી.

(II) આ સુવિધાનું સંચાલન PPP ધોરણે થશે. તથા ઇચ્છુક લોકો ઉત્તર પ્રદેશમાં એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવા આ હેલીકોપ્ટરનો ઉપયોગ કરી શકશે.

## (*) પ્રથમવાર એક હિંદૂ મહિલાએ 2024 પાકિસ્તાનની સામાન્ય ચૂંટણીમાં નામાંકન કર્યું.

(I) પાક.ના ખૈબર પખ્તૂનખ્વાના બુનેર જિલ્લામાં હિન્દૂ સમુદાયના સદસ્ય ડૉ. સવીરા પ્રકાશે હાલમાં આગામી ચૂંટણીમાં નામાંકન કર્યું.

(II) તેઓ પાકિસ્તાન પીપલ્સ પાર્ટીની ટીકિટ પર ચૂંટણી લડે તેવી સંભાવના છે. તેમના પિતા ઓમ પ્રકાશ 35 વર્ષથી પાર્ટીમાં સક્રિય સદસ્ય છે.

(III) પાક. ચૂંટણી પંચે સામાન્ય ચૂંટણીમાં 5% મહિલા અનામત સામેલ કરવું અનિવાર્ય બનાવ્યું છે.

Current Affairs By C.H Shingala GPSC

## (*) વીર બાલ દિવસ-26 ડિસેમ્બર

(I) ગુરૂ ગોવિંદસિંહના ચાર પુત્રો અને તેમની માતાના સર્વોચ્ચ બલિદાનને ચિહ્નિત કરવા આ દિવસ મનાવાય છે.

(II) ગુરૂ ગોવિંદસિંહના બે પુત્રો સાહિબજાદા જોરાવર સિંહ (9) અને સાહિબજાદા ફતેહ સિંહ (7) ને મુગલોએ આનંદપુર સાહિબ હુમલામાં મારી નાખ્યા હતા. મુગલ સેનાએ તેમને બંદી બનાવી ઇસ્લામ ધર્મ પાળવા મજબૂર કર્યા હતા.

(III) ગુરૂ ગોવિંદસિંહના માતા-ગુજરી અને બે મોટા પુત્રો સાહિબજાદા અજીતસિંહ (18) અને સાહિબજાદા જુઝારસિંહ (14) ને પણ મારી નાંખ્યા હતા.

(IV) કેન્દ્ર સરકારે 2022માં આ દિવસની જાહેરાત કરી હતી.

[*] DMDKના નેતા અને તમિલ સિનેમા આઇકન 'કેપ્ટન' વિજયકાંતનું નિધન

(I) દેસિયા મુરપોક્કુ દ્રવિડ કઝગમ (DMDK) ના સંસ્થાપક અને મહાસચિવ વિજયકાંતનું 71 વર્ષની વયે નિધન થયું.

(II) તેમના પત્ની પ્રેમલતાએ DMDKની કમાન સંભાળી અને મહાસચિવ ઘોષિત થયા.

(III) TV ના પડદે સૈન્યનું પાત્ર ભજવવા બદલ તેઓ 'કેપ્ટન'ના નામથી જાણીતા હતા.

(IV) તેમણે 2011-2016 સુધી ત.નાડુ વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે કામ કર્યું હતું.

[*] ગ્વાલિયરમાં તબલા વગાડવા માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ

(I) ગ્વાલિયર કિલ્લા ખાતે 'તાલ દરબાર'માં 1500થી વધુ લોકોએ એક સાથે તબલા વગાડી ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.

(II) મુખ્યમંત્રી શ્રી યાદવે 25 ડિસેમ્બર 'તબલા દિવસ' તરીકે મનાવવાની જાહેરાત કરી.

(III) શ્રી યાદવ મુજબ ભારતમાં સંગીતનો ઇતિહાસ 5000 વર્ષથી પણ વધુ જૂનો છે.

(IV) કાર્યક્રમમાં વિષય 'વંદે માતરમ' હતો અને તેમાં રાજસ્થાન, UP અને MPના 1500 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

Current Affairs By C.H.Shingala

[*] વિશ્વભારતીએ નવા બેક્ટેરિયાની શોધ કરી.

(I) વિશ્વભારતી વિશ્વ વિદ્યાલયના શોધકર્તાઓની ટીમે છોડની વૃદ્ધિ માટે સક્ષમ બેક્ટેરિયાની શોધ કરી.

(II) નોબેલ વિજેતા રવીન્દ્રનાથ ટાગોરના નામ પરથી તેને 'પેંટોઇયા ટૈગોરી' નામ અપાયું છે.

(III) આ બેક્ટેરિયા ધાન્ય, વટાણા અને મરચાંની ખેતીમાં ફાયદારૂપ છે. જે માટીમાંથી પોટેશિયમને બહાર લાવે છે.

**✱ જસ્ટિસ કોંડા માધવ રેડ્ડીની 100મી જયંતી.**

(I) દિવંગત ન્યાયમૂર્તિ કોંડા માધવ રેડ્ડીની 100મી વર્ષગાંઠના ઉપલક્ષ્યમાં એક વિશેષ ભારતીય ટપાલ કવર ઉપરાષ્ટ્રપતિ ધનખડે જાહેર કર્યું.

(II) તેમનો જન્મ 15 ઓગસ્ટ, 1872 થયો હતો અને મૃત્યુ ન્યુમોનિયાના કારણે 25 સપ્ટેમ્બર, 1997એ થયું. તેમણે શિક્ષા અને ન્યાય પ્રણાલીમાં મહત્વનું યોગદાન આપ્યું હતું.

**✱ ઉલ્ફા, અસમ સરકાર અને કેન્દ્ર વચ્ચે શાંતિ કરાર**

(I) કેન્દ્ર સરકાર, અસમ અને યુનાઇટેડ લિબરેશન ફ્રંટ ઓફ અસમ (ઉલ્ફા) વચ્ચે ઉત્તર-પૂર્વ વિસ્તારમાં શાંતિ સ્થાપવા આ કરાર કર્યા.

(II) અરવિંદ રાજખોવાની અધ્યક્ષતા વાળી ઉલ્ફા'માં એક ડઝનથી વધુ નેતાએ હસ્તાક્ષર કર્યા.

**✱ નીના સિંહ CRPFના પ્રથમ મહિલા નિર્દેશક બન્યા.**

(I) તેઓ રાજસ્થાન કેડરના 1989 બેચના IPS છે. અને CISFનાં સ્પેશિયલ DGના પદ પર કાર્યરત છે.

(II) CISFના પ્રમુખ બનનાર તેઓ પ્રથમ મહિલા હતા. તેઓએ 2013 અને 2018માં CBIના સંયુક્ત નિર્દેશક તરીકે પણ કામ કર્યું હતું.

(III) અનીશ દયાલ સિંહ CRPFના મહાનિર્દેશક બન્યા.

(IV) રાહુલ રસગોત્રા ભારત તિબેટ પુલીસ બળના મહાનિર્દેશક બન્યા.

(V) વિવેક શ્રીવાસ્તવ અગ્નિશામક સેવા, નાગરિક સુરક્ષા, હોમગાર્ડના મહાનિર્દેશક બન્યા.

Current Affairs By C.H. Shingala

# * કરન્ટ ઈન શોર્ટ *

(*) અયોધ્યા રેલવે જંકશનનું નામ બદલી 'અયોધ્યા ધામ' કરવામાં આવ્યું. (મહર્ષિ વાલ્મિકી આંતરરાષ્ટ્રીય હવાઈ મથક અયોધ્યા ધામ) નવું વિમાન મથકનું નામ અપાયું.

(*) આર્થિક બાબતની કેબિનેટ સમિતીએ નાળિયેળના કોપરાના ન્યૂનતમ ભાવ (300 રૂ. પ્રતિ ક્વિન્ટલ) નક્કી કરી.

(*) પાકિસ્તાને ગાઈડેડ મલ્ટી લોન્ચ રોકેટ સિસ્ટમ (MLRS) ફતહ-II નું સફળ પરીક્ષણ કર્યું.

(*) ISRO એ ભારતીય શિક્ષણ જગત અને ઉદ્યોગ માટે સોફ્ટવેર FEAST લોન્ચ કર્યો.

(*) સરકારે ડિજિટલ પ્લેટફોર્મને ફર્જી લોન એપ્સની જાહેરાત ન બતાવવા નિર્દેશ કર્યો.

(*) ગૃહ મંત્રાલયે મુસ્લિમ લીગ જમ્મૂ-કશ્મીર (મસરત આલમ જૂથ) ને ગેરકાનુની જાહેર કર્યું.

(*) કતારની કોર્ટે 8 ભારતીયોની મોતની સજા મુલતવી રાખી.

(*) સરકાર FCI ના ચોખા ભારત બ્રાંડ તરીકે વેચશે.

(*) ભારતમાં 2023માં 204 વાઘના મૃત્યુનો ભારતીય વન્યજીવ સંરક્ષણ સોસાયટીનો અહેવાલ, સૌથી વધુ મહારાષ્ટ્રમાં 52 ના મૃત્યુ.

(*) ચેન્નઈના એન્નોર ખાતે એક રસાયણ નિર્માણ કંપનીમાં એમોનિયા વાયુ લીક થવાની ઘટના બની.

(*) આર્જેન્ટીનાએ BRICS ની સદસ્યતા રદ કરી.

(*) ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને પોંડિચેરી વિશ્વવિદ્યાલયના ચાન્સેલર નિયુક્ત કરાયા.

Current Affairs By C.H.Shingala

- [*] ચીને ડોંગ જૂનને નવા રક્ષા મંત્રી નિયુક્ત કર્યા.
- [*] ભારત સરકારે ચીન અને ઓમાનથી આવતી જિપ્સમ બોર્ડ અને ટાઇલ્સ એન્ટી ડમ્પીંગ ડ્યૂટીના દાયરામાં મૂક્યા.
- [*] લલનસિંહના રાજીનામા બાદ નીતિશ કુમાર JDUના અધ્યક્ષ બન્યા.
- [*] EU આયોગના પૂર્વ અધ્યક્ષ જેક્સ ડેલર્સનું નિધન
- [*] RBIએ કોટક મહિન્દ્રા બેંકના અધ્યક્ષ તરીકે સી એસ રાજનની નિયુક્તિ કરી.
- [*] રિલાયન્સ જિઓ અને IIT બોમ્બે 'ભારતGPT' લોન્ચ કરશે.
- [*] ગોડ ઓફ કેઓસ લઘુગ્રહને પૃથ્વીની કક્ષા નજીક પહોંચતો રોકવા NASA અંતરિક્ષ યાન લોન્ચ કરશે.
- [*] PM એ પુશ-પુલ તકનીકવાળી અમૃત ભારત ટ્રેનને લીલીઝંડી આપી. આ ટ્રેનના બંને બાજુ એન્જિન હોય છે.
- [*] ભારત રશિયા વચ્ચે કુડનકુલમ પરમાણુ મથકની ભવિષ્યના એકમ નિર્માણ માટે કરાર થયા.
- [*] PM નવી દિલ્હી ખાતે મુખ્ય સચિવોના ત્રીજા રાષ્ટ્રીય સંમેલનની અધ્યક્ષતા કરશે.
- [*] PM મોદીની YOUTUBE ચેનલ પર 2 કરોડ સબસ્ક્રાઇબર્સ થતા. આંકડો પહોંચનાર તેઓ પ્રથમ વિશ્વનેતા બન્યા.
- [*] ISRO તેનું પ્રથમ પોલારિમેટ્રી મિશન, એક્સ-રે પોલારિમીટર સેટેલાઇટ (XPoSat) લોન્ચ કરશે.
- [*] ભારતે સંયુક્ત આરબ અમીરાતને તેલ માટે પ્રથમવાર રૂપિયામાં ચૂકવણી કરી.

Current Affairs By C.H.Shingala GPSC

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

UP TO 40% OFF

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




MRP. ~~496/-~~ Only @ 299/-

MRP. ~~380/-~~ Only @ 230/-

MRP. ~~380/-~~ Only @ 230/-

Coming...

MRP. ~~230/-~~ Only @ 170/-

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




MRP. ~~270/-~~ Only @ 162/-

MRP. ~~150/-~~ Only @ 99/-

MRP. ~~385/-~~ Only @ 235/-

MRP. ~~280/-~~ Only @ 168/-

MRP. ~~180/-~~ Only @ 126/-

ORDER

Visit website crackgpsc.com/books

OR અથવા

Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી

OR અથવા

અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.

કુરિયર સર્વિસ FREE (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

**Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય**

સરકારી નોકરીની તૈયારી માટે

76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**


# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

## બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.
























ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/મામ. | કલાર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



વધુ માહિતી માટે **Crack GPSC** એપમાં **BOOKS** વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .

# એક એપ, બધી પરીક્ષાઓ

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

# સરકારી નોકરીની તૈયારી કરો

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/નાય. મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

**TAT | TET | HTAT**



- ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
- ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે **Crack GPSC**

વધુ વિગત માટે સંપર્ક કરો. **7600051070**